એકતારેલી • ખંભાળિયાની નવીવાડી પ્રાથમિક શાળા ખાતેથી સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતા યાત્રાનો પ્રારંભ

# દ્વારકા જિલ્લામાંથી એકતા રથયાત્રાનું પ્રસ્થાન

ભાસ્કર ન્યૂઝ.જામનગર

સરદાર વલ્લભભાઈ પટેલનો દેશની એકતા અને અખંડિતતાનો ભાવ જન-જનમાં જાગૃત કરવા રાજ્યના ૫ હજાર ગામોમાં શનિવારથી પ્રથમ તબકકાની એકતા યાત્રાનો શુભારંભ થયો છે.જે અંતર્ગત શનિવારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળીયાની નવીવાડી પ્રાથમિક શાળા એકતા રથયાત્રા આવી પહોંચી હતી. અને ગામે ગામે રથયાત્રા ફરી વળે તે માટે ગ્રામગૃહ નિર્માણ બોર્ડના ચેરમેન મુળુભાઈ બેરાએ રથને લીલીઝંડી આપી હતી. ખંભાળિયાની નવીવાડી પ્રાથમિક શાળા ખાતેથી સ્ટેચ્યું ઓફ યુનિટી એક્તા યાત્રાનો શુભારંભ થયો છે તે પ્રથમ તબક્કામાં ખંભાળિયા અને ભાણવડના 83 જેટલા ગામોમાં પરિભ્રમણ કરશે.

નર્મદા ડેમ સામે સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા,સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવવાનું સ્વપ્ન ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવ્યું હતું. જે હવે સાકાર થવા જઈ રહ્યું છે.આગામી દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ આ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરવા જઈ રહ્યા છે.ત્યારે તે પૂર્વે એકતા યાત્રા એકતા અને સદભાવનો સંદેશો લઈ ગુજરાતના 10000 જેટલા ગામડાઓમાં પરિભ્રમણ કરશે.દેવભૂમિ દ્વારકા જિલ્લાટના ગામોમાં એક્તા રથ પ્રથમ તબકકામાં ખંભાળીયા



તથા ભાણવડ તાલુકાના ૮૩ ગામોમાં રથ ફરશે.જે રથનું શનિવારે ખંભાળિયા ખાતે આગમન થયું હતું.જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનું મિનિએચર,નર્મદા ડેમની પ્રતિકૃતિ, ઓડિયો વિઝ્યુઅલ સિસ્ટમ સાથે ફરશે.સરદાર વલ્લભભાઈના જીવન કવનને લગતી દસ્તાવેજી ફિલ્મ, તેના યોગદાનનું મહાત્મ્ય સમજાવતી ફિલ્મ અને ગીતો પ્રસ્તુત થશે.કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ કાળુભાઈ ચાવડા,પાલિકા પ્રમુખ શ્વેતાબેન શુક્લ,ઉપપ્રમુખ પી.એમ ગઢવી,નિવાસી અધિક કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી સહિતના હોદ્દેદારો હાજર રહ્યા હતાં.

જામનગરમાં પણ એક્તા રથયાત્રા આવી પહોંચી હતી.કાર્યક્રમમાં કૃષિમંત્રી આર.સી ફળદુએ જણાવ્યું હતું કે,સરદાર પટેલે 562 રજવાડાંઓને એક કરીને અખંડ રાષ્ટ્રનું નિર્માણ કર્યું તેનું સ્મરણ વંદન કરતા સરદાર વલ્લભભાઈ પટેલની સ્નેહ-મકકમ મનોબળ અને સમજાવટથી બધા રજવાડાઓ ભારતમાં વિલીન થયા અને એક અખંડ ભારતનું નિર્માણ થયું છે.કૃષિ મંત્રી તેમજ સાંસદે રથને લીલીઝંડી આપી જન જન સુધી પહોંચે તેવા આશયોથી જિલ્લાના ગામડાઓ સુધી પહોંચે તે માટે રથને આગળ પ્રસ્થાન કરાવ્યું હતું.